**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૦.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૨૯ ટકા

# ડુંગળી ખરીદતા ગૃહિણીઓના આંખે પાણી

## શહેરમાં ડુંગળીનો ભાવ પ્રતિ કિલોએ ૪૦ થી ૫૦ રૂપિયા નોંધાયો



ગાંધીનગર, તા.૧૦
વર્ષની શરૂઆત બાદ શાકભાજીના ભાવમાં ઘટાડો જણાયો હતો પરંતુ હમણા શાકભાજી સાથે ખાસ ડુંગળીના ભાવ પાછલા એક અઠવાડિયામાં બે ગણા થયા છે. જેને કારણે ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળી ખાવા માટે ગરીબ તથા મધ્યમવર્ગના બજેટ ખોરવાયા છે. ગાંધીનગરના બજારોમાં હાલ ૪૦ થી ૫૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ડુંગળી વેચાય છે. રેસ્ટોરન્ટ ધારકો અને ખાસ ગૃહિણીઓ માટે ડુંગળી ખરીદવી કે ન ખરીદવી એ બાબતે પ્રશ્ન રહ્યો છે.

કમોસમી વરસાદને કારણે ડુંગળીના પાકને વ્યાપક નુકશાન પહોંચતા ડુંગળીના ભાવ સો રૂપિયા સુધી પહોંચ્યા હતા. મોટાભાગના પરિવારોની રસોઈમાં મોટા ભાગે ડુંગળી ઉપયોગમાં લેવાય છે અને ભાવ આસમાને પહોંચતા ગરીબ અને મધ્યમવર્ગના બજેટ ખોરવાયા હતા અને તમામના ઘરે અને ખાસ રેસ્ટોરન્ટની થાળીમાંથી ડુંગળી ગાયબ થઈ ગઈ હતી. સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્રના પ્રદેશોમાં ડુંગળીનો પાક ધોવાઈ જતા હોલસેલ માર્કેટમાં પણ ડુંગળીની આવકમાં ઘટાડો નોંધાયો હતો. ડુંગળીની ખરીદી ન કરી શકતા પરિવારો ડુંગળીની જગ્યાએ અન્ય વાનગીઓ ઉપર પસંદગી ઉતારી રહ્યા હતા અને શહેરની વિવિધ હોટલોના સલાડમાં ડુંગળીનું સ્થાન કોબીએ લીધું હતું. વચ્ચે ડુંગળીની આવક વધતા ભાવ ૨૦ થી ૨૫ રૂપિયે કિલો હતો પરંતુ છેલ્લા એક અઠવાડિયાથી ડુંગળીના ભાવમાં સતત વધારો નોંધાયો છે અને શહેરના બજારોમાં ડુંગળી ૪૦ થી ૫૦ રૂપિયે કિલો વેચાઈ રહી છે. આ ભાવ ડુંગળી સુધારતા તો નહી પણ ડુંગળી ખરીદતા ગૃહિણીઓને રડાવી રહ્યો છે કારણકે ગૃહિણીઓનું બજેટ હાલ મોંઘવારીમાં ખોરવાઈ ગયું છે.



ઉનાળાનું આગમન બિલ્લી પગે થઈ રહ્યું છે. સાંજના સમયે થોડીક ઠંડક અનુભવાય છે. પરંતુ દિવસ દરમિયાન તો હવે ચોકકસ થોડીક ગરમી લાગવા માંડી છે. ઉનાળો હજુ પુર્ણ બેઠો નથી ત્યાં તો શહેરમાં ઠેર ઠેર શેરડીના કોલા જોવા મળી રહ્યાં છે. શેરડીના કોલા પર ઘરાકી પણ જોવા મળી રહી છે. ઘરાકી ધીમે ધીમે જામતી જાય છે.

## ધ ગોડ ગીફ્ટ ફાઉન્ડેશન દ્વારા શહેરીજનોને જીવદયા રાખવા અપીલ

ગાંધીનગર, તા.૧૦
માનવતાની મિસાલ આપવામાં સૌ આગળ છે પણ બીજી બાજુ ક્રૂરતા કરતા પણ ડરતા નથી. મંગળવારના રોજ કાંકરિયામાં કોઈ અજાણ્યો શખ્સ એક કૂતરા પર ચાકુ મારી ને ભાગી ગયો હતો. આ વાત ની જાણ થતાં ડોકટર અને બીજા મેમ્બર પહોંચી ગયા હતા પણ તે પહેલા જ કૂતરું મૃત્યુ પામ્યું હતું . આ ઘટના બાદ ઉપસ્થિત સર્વેનો એક જ પ્રશ્ન હતો કે, આવા અબોલ જીવ જે બોલી પણ નથી શકતું એવા જીવ પર આવો અત્યાચાર એ પણ કોઈ ગુના કે વાંક વગર. આ કૃત્ય કરનારને શું જીવવાનો હક્ક છે?? આવા ગુનેગારને ખરેખર સજા થવી જોઈએ અને આને વધુ માં વધુ લોકો પાસે પહોંચાડવી જેથી આવા વ્યક્તિને સજા થાય. ગાંધીનગર સ્થિત ધ ગોડસ ગિફ્ટ ફાઉન્ડેશન દ્વારા તમામ શહેરીજનોને આ અપીલ કરવામાં આવે છે કે, ક્યાંય પણ પ્રાણીઓ પર આવું કૃત્ય થયેલું દેખાય તો સંસ્થાનો તાત્કાલિક સંપર્ક ૯૦૧૬૯૪૫૧૮૬ , ૮૬૧૯૩૧૬૫૬૯પર કરવો અને જેથી કોઈ જીવની હત્યા થતા બચાવી શકો.

## ઠંડીમાં રાહત પારો ૧૦.૨ ડિ.સે.

ગાંધીનગર, તા. ૧૦
ઠંડીમાં એક જ દિવસમાં ઘણી રાહત મળી છે. લઘુત્તમ તાપમાન બે-અઢી ડિગ્રી જેટલુ વધીને ૧૦.૨ ડિ.સે. પર પહોંચી ગયુ છે. મહત્તમ તાપમાન પણ ૩૨ ડિ.સે. પર પહોંચતા દિવસે જાણે ગરમી લાગવા માંડી છે.

ફેબ્રુઆરી માસ જેમ જેમ આગળ વધી રહ્યો છે તેમ તેમ ઠંડીમાં રાહત મળી રહી છે. લઘુત્તમ તાપમાન ગઈકાલે ૮.૫ ડિ.સે. નોંધાયુ હતુ જે એક જ દિવસમાં અઢી ડિગ્રી જેટલુ વધી જતાં વસાહતીઓને ખૂબ જ રાહત મળી છે. લઘુત્તમ તાપમાન વધવાની સાથે સાથે મહત્તમ તાપમાન પણ વધી રહ્યુ છે. જેના કારણે દિવસે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે અને આગામી ૧૪મી ફેબ્રુઆરીએ શિવરાત્રી તેમજ વેલેન્ટાઈન ડે હોવાથી હવે તો લગભગ ઠંડી જશે જ અને શહેરીજનો તહેવારનો આનંદ લઈ શકશે.

## બેંકમાં નોકરી અપાવવાનું કહીને યુવક સાથે રૂ.૧૯૦૦ ની છેતરપિંડી

ગાંધીનગર, તા.૧૦
નોકરી ડોટકોમમાંથી બોલુ છું તેમ કહીને એચડીએફસી, અને એચસીએલ બેંકમાં એકિઝક્યુટીવ તરીકે નોકરી અપાવવાનું કહીને શહેરના યુવક સાથે રૂ.૧૯૦૦ ની છેતરપિંડી થવા પામી છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસ તપાસ શરુ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૫ સી ખાતે રૂપાંત પ્રતાપભાઈ પટેલ એક માસ પહેલા બેંકની નોકરી મેળવવા માટે ખાનગી સાઈટ પર બાયોડેટા અપલોડ કર્યા હતા. ગત તા.૪ ડિસેમ્બરના રોજ યુવક પર એક ફોન આવ્યો હતો. જેમાં સામે વાળાએ શખ્સે નોકરી ડોટકોમથી બોલતો હોવાનું કહ્યું હતું. જેમાં આ શખ્સ યુવક ને એચડીએફસી તેમજ એચસીએલ બેંકમાં સિનિયર એજ્યુકયુટીવની પોસ્ટ માટે ઈન્ટરવ્યુની વાત કરી હતી. ત્યારબાદ સિકયુરીટી ડિપોઝીટ પેટે તરીકે રૂ.૧૯૦૦ જમા કરાવવાનું કહ્યું હતું. જેથી યુવકે ઓનલાઈન રૂપીયા ટ્રાન્સફર કર્યા હતા. જેથી સામેવાળા શખ્સે સિનિયર અધિકારી સાથે વાત કરાવવાનું કહીને અન્ય શખ્સને ફોન વાત કરવા માટે આપ્યો હતો. તે શખ્સો ડોકયુમેન્ટ વેરીફિકેશન માટે રૂ.૪૨૫૦ જમા કરાવવા માટે જણાવ્યું હતું. પૈસા રીફંડ કરી દેવાની વાત આ શખ્સે કરી હતી. જેથી યુવકે ડોક્યુમેન્ટ વેરીફિકેશન માટેના રૂપીયા અંગે અગાઉ કોઈ વાત થઈ નથી તેમ કહી રૂપીયા જમા કરાવવા માટે ના પાડી હતી. યુવકે ડિપોઝીટ પરત માંગતા સામેવાળા શખ્સે ૪૨૫૦ ભર્યા પછી તમામ પૈસા પરત મળશે તેવી વાત કરી હતી. ૨૪ કલાક પછી યુવકે ફોન કરી પૈસા માગતા આ શખ્સે રીફંડ ચાર્જ પેટે ૧૫૦૦ માંગ્યા હતા. જેથી યુવકને શંકા જતા તેને ફરીયાદની વાત કરતા સામેવાળાએ ફોન કટ કરી ઉપાડવાનું બંધ કરી દીધુ હતું. જેથી યુવકે છેતરપિંડી અંગે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.




કોરોનાકાળમાં સરાહનીય કામગીરી કરવા બદલ શહેરના અગ્રણી પરમજીત કૌર છાબડાનું ગણતંત્ર દિવસે સન્માનપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલે સેવાભાવી મહિલા અગ્રણી પરમજીત કૌર છાબડાની આ સિધ્ધિ બદલ અભિનંદન પાઠવી તેમનું સન્માન કર્યું હતું.

## એસએસવી શાળામાં ઊર્જા સંરક્ષણ સેમિનાર યોજાયો




ગાંધીનગર, તા.૧૦
ગાંધીનગરમાં આવેલી એસ.એસ.વી શાળાના વિદ્યાલયમાં ઓનલાઈન ઊર્જાસંરક્ષણનો સેમીનાર તારીખ ૯મી ફેબ્રુઆરીના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રાથમિક અને માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો.

ઉર્જા સંરક્ષણના આ સેમીનારમાં નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરના હાર્દિકભાઈ મકવાણાએ બાળકોને ઊર્જાનો સદઉપયોગ કેવી રીતે કરવો અને ભવિષ્યમાં થનારી ઊર્જા કટોકટી સામે અત્યારથી શું સાવચેતીના પગલાં લેવા તથા કુદરતી સ્ત્રોતોમાંથી ઊર્જા કેવી રીતે મેળવવી એના વિશે બાળકોને ખૂબ સારી માહિતી આપી. સાથે સાથે બાળકોએ કવીઝમાં પણ ભાગ લઈને ઈ-સર્ટિફીકેટ મેળવ્યા હતા.

## જન્મદિને વધામણી



સરોજબેન કેતનકુમાર પટેલ
મો. ૬૩૫૨૦ ૮૭૯૨૩



કુસુમબેન જોષી
લાયન્સ કલબ, ફેમીના



ધવલસિંહ
અરવિંદસિંહ વાઘેલા
મો. ૯૯૨૫૫૯૮૨૭૩



ક્રિશિવ ધવલ ત્રિવેદી
મો. ૯૮૭૯૧૬૯૭૬૩



દિપેશ સંજયભાઈ વાળંદ
સાઠંબા

## આઈએનઆઈએફડી ગાંધીનગર દ્વારા હોરર ડેનું સેલિબ્રેશન





વર્ષનો પ્રથમ અને બીજો મહિનો તેમાંય ફેબ્રુઆરી મહિનો કોલેજમાં જુદા જુદા પ્રકારના ડે સેલિબ્રેશન કરવામાં જાણીતો છે ત્યારે આઈએનઆઈએફડી ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા અનોખા અંદાજમાં હોરર ડેનું સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વિશે વાત કરતા વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે આ હોરર ડે માટે અમે અમારા ગારમેન્ટસ જાતે ડિઝાઈન કર્યા હતા અને અમારા માટે આ એક અનોખો અને નવો અનુભવ હતો.

## સે-૨ ઉની એમસીએ કોલેજમાં મોબાઈલ એપ ડેવલપમેન્ટ વિષયે એક્ષ્પર્ટ લેકચર યોજાયું

ગાંધીનગર, તા.૧૦
કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન એસ કે પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યુટર સ્ટડીઝ-એમસીએ દ્વારા ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટુડિઝ- બીસીએના સેમેસ્ટર – ૬ના વિદ્યાર્થીઓ માટે 'ડેટા રીટ્રાઈવલ ટૂલ એન્ડ ટેકનીક' અને 'મોબાઈલ એપ્લિકેશન ડેવલપમેન્ટ' - આ બંને વિષય પર એક્સપર્ટ લેકચર સીરિઝ - વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ એક્સપર્ટ લેક્ચર ડેટા રીટ્રાઈવલ ટુલ્સ એન્ડ ટેકનિકમાં અલગ અલગ ડેટાબેઝમાથી ઓરકલ ઓનલાઈન એસકયુએલ ટુલનો ઉપયોગ કરીને અલગ અલગ ક્વેરી રન કરીને સ્ટ્રક્ચર ડેટા કઈ રીતે જનરેટ કરાય તેની માહિતી આપવામાં આવી હતી. જેમાં વિષય નિષ્ણાત તરીકે ડો. શિવાની ત્રિવેદીએ પોતાની સેવાઓ આપી હતી. દ્વિતીય એક્ષ્પર્ટ લેકચર મોબાઈલ એપ ડેવલપમેન્ટ પર વિષય નિષ્ણાત ડો. એ. સ્ટેલા દ્વારા લેવામાં આવ્યું હતું, જેમાં તેઓએ એન્ડ્રોમાનો ઉપયોગ કરીને કોડિંગ કર્યા વગર મોબાઈલ એપ્લિકેશન ડેવલપમેન્ટ કઈ રીતે થાય તેની સૈદ્ધાંતિક અને પ્રાયોગિક માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. બંને વર્કશોપમાં પ્રાયોગિક કાર્ય બાદ વિદ્યાર્થીઓએ વિષય નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ મુંજવતા પ્રશ્નોનું સમાધાન મેળવ્યું હતું.

આ એકસપર્ટ લેકચરનો લાભ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ લીધો હતો. સમગ્ર વર્કશોપ સિરીઝનું આયોજન ડાયરેકટર રૂપેશ વ્યાસના માર્ગદર્શન હેઠળ એમસીએ કોલેજના પ્રાધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રી જે.બી. પ્રાથમિક શાળા દ્વારા ઓનલાઈન બાલ ઉર્જા રક્ષકદળનું આયોજન કરાયું



ગાંધીનગર, તા.૧૦
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં તા. ૬ ફેબ્રુઆરીના રોજ નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર દ્વારા ઓનલાઈન બાલ ઉર્જા રક્ષકદળનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉર્જા જાગૃતિ અંગેનું પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન અને એનર્જી સેવિંગ મોડેલ નિહાળ્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓમાં ઉર્જા જાગૃતિ લાવવા માટે ઓનલાઈન કવીઝ રાખવામાં આવી હતી. જેમાં તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને તેમાંથી પ્રથમ નંબરે જાદવ જેમ્સ ગૌતમકુમાર, દ્વિતિય નંબરે પટેલ ક્રિશ વિપુલકુમાર, તૃતીય નંબરે પટેલ અંશ કૌશિકકુમાર અને ચતુર્થ નંબરે પટેલ જવલ એ. વિદ્યાર્થીઓ વિજેતા રહ્યા હતા.

## જીટીયુમાં ઓનલાઈન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા.૧૦
ગાંધીનગરના સેકટર-૨૮ની સરકારી ઈજનેરી કોલેજમાં એઆઈસીટીઈ-જીટીયુ પ્રાયોજિત સાપ્તાહિક ઓનલાઈન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ 'મેટલર્જી ફોર ઓલ'નું તા. ૧ થી ૬ ફેબ્રુઆરી દરમિયાન આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના સમાપને મુખ્ય અતિથિપદે ટેકનિલ શિક્ષણ વિભાગના નિયામક જી.ટી. પંડયાએ ખાસ ઉપસ્થિત રહી તમામ તાલીમાર્થીઓને આ પ્રકારના કાર્યક્રમાં વધુમાં વધુ લાભ લેવા જણાવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના આચાર્યા એસ.પી. દવેએ ધાતુઓનું મહત્વ સમજાવ્યું હતું જયારે ડૉ. આઈ.બી. દવે, એચ.એચ. જાદવ, બી.આર. રાણા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## આઈઆઈટીના ડિરેકટર પ્રો. સુધીર જૈન યુએસની નેશનલ એકેડેમીના આંતરરાષ્ટ્રીય સભ્ય તરીકે ચુંટાયા

ગાંધીનગર, તા.૧૦
આઈઆઈટી ગાંધીનગરના ડિરેક્ટર પ્રો સુધિર કે જૈન યુ.એસ. નેશનલ એકેડેમી ઓફ એન્જિનિયરિંગના આંતરરાષ્ટ્રીય સભ્ય તરીકે ચૂંટાયા છે, જે વિશ્વભરના સૌથી અગ્રણી ઈજનેરો, ઉદ્યોગપતિઓ, અને શિક્ષણવિદોની શ્રેષ્ઠ અને સ્વાયત્ત સંસ્થા છે.

વર્તમાનમાં યુ.એસ. એન.એ.ઈ.માં ભારતમાંથી માત્ર ૧૬ આંતરરાષ્ટ્રીય સભ્યો છે, જેમાં રતન ટાટા, મુકેશ અંબાણી, એન આર નારાયણ મૂર્તિ, ડૉ કિરણ મઝુમદાર શૉ અને ડૉ રઘુનાથ એ મશેલકર સહિત અન્યનો સમાવેશ થાય છે.

પ્રોફેસર જૈન ૨૦૨૧માં ચૂંટાયેલા ૨૩ આંતરરાષ્ટ્રીય



સભ્યોમાં સામેલ છે અને આ પ્રતિષ્ઠિત મંડળમાં ચૂંટાનારા આઈઆઈટીના એકમાત્ર વર્તમાન નિયામક છે. ૩ ઓક્ટોબર, ૨૦૨૧ ના રોજ એન.એ.ઈ.ની વાર્ષિક બેઠક દરમિયાન તેમને ઔપચારિક રીતે આ સંસ્થામાં સામેલ કરવામાં આવશે.

યુ.એસ. એન.એ.ઈ. દ્વારા ૯ ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ આ ઘોષણા કરવામાં આવી હતી. આ સંગઠનમાં ૨,૩૫૫ યુએસના સભ્યો અને ૨૯૮ આંતરરાષ્ટ્રીય સભ્યો છે.

ડૉ. જૈન હાલમાં આઈઆઈટી ગાંધીનગરના ડિરેક્ટર તરીકે ત્રીજી ટર્મમાં સેવા આપી રહ્યા છે, જેમાં તેઓ જૂન ૨૦૦૯ માં સ્થાપક ડિરેક્ટર તરીકે જોડાયા હતા. તેઓ ભૂકંપ એન્જિનિયરિંગના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વિદ્વાન અને ઉત્સાહી શૈક્ષણિક વહીવટકર્તા છે, જેમને ભારતમાં ભૂકંપ એન્જિનિયરિંગના ક્ષેત્રે તેમના નેતૃત્વ માટે અને શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવા માટે એન્જિનિયરિંગ શિક્ષણ અને સંસ્થાકીય વ્યવસ્થાપનમાં અસંખ્ય નવીનતાઓ અપનાવવા માટે ઓળખવામાં આવે છે. તેમણે ૨૦૧૪-૧૮ દરમિયાન ઈન્ટરનેશનલ એસોસિએશન ફોર અર્થક્વેક એન્જિનિયરિંગના પ્રમુખ તરીકે સેવા આપી હતી અને અને ૨૦૧૩માં ન્યુઝીલેન્ડ સોસાયટી ફોર અર્થક્વેક એન્જિનિયરિંગ દ્વારા તેમને લાઈફ મેમ્બરશીપ એનાયત કરાઈ હતી. ભારત સરકાર દ્વારા તેમને ૨૦૨૦માં પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. વ્યાસ નિતાબેન વિઠ્ઠલભાઈ ઉ.વ. ૫૫, વાવોલ, શાલીન-૪
- સ્વ. ગોહિલ પુનમબેન મહેન્દ્રસિંહ ઉ.વ. ૪૫, ઈન્દ્રોડા